## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ દેશની પ્રજા જ મૂર્ખ છે.. સો રૂપિયે પેટ્રોલ થઈ ગયુ એમાં હોબાળો કરે છે અને પકોડી દસની ત્રણ થઈ ગઈ તેનું તો કોઈને ભાન જ નથી...!!

# શહેરમાં છેલ્લા ચાર દિવસમાં ચાર વાહનોની ચોરી

## વિવિધ વિસ્તારમાંથી બે એકટીવા અને બે બાઈક ચોર શખ્સો ઉઠાવી ફરાર

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. વાહનચોરો તરખાટ મચાવી રહ્યા છે. ભરચક વિસ્તાર સહિત ઘર પાસે મુકેલા વાહનો પણ ગણતરીની મિનીટોમાં ચોરાઈ જતા શહેરમાં વાહનોની સલામતી સામે પ્રશ્નાર્થ ઉઠવા પામ્યા છે. શહેરમાં છેલ્લા ચાર દિવસમાં ચાર વાહનચોરીના કિસ્સા સામે આવ્યા છે. શહેરના સેકટર-૨૧, કુડાસણ અને સિવિલ કેમ્પસમાંથી બે એકટીવા અને બે બાઈકની ચોરી થતા પોલીસ ચોપડે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર તરપોજ વાસ ખાતે રહેતા અને છુટક મજુરી કરતા લાલાજી સધાજી ઠાકોર (ઉં.૪૫) તેમના પરિવાર સાથે રહે છે.ગત તા.૧૯ ના રોજ સવારે આઠ વાગ્યાના અરસામાં બાઈક નં. જી.જે.૧૮.એસ. ૭૯૬૨ લઈને લાલાજી ઠાકોર તેમના પત્નીને લઈ ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈને આવ્યા હતા. સિવિલ કેમ્પસમાં બાઈક પાર્ક કર્યુ હતું.જયારે બપોરે ત્રણ વાગે લાલાજી બાઈક પાર્ક કરેલી જગ્યા પર પહોંચ્યા હતા. ત્યારે બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. સિવિલ કેમ્પસમાં બાઈકની શોધખોળ કરવા છતા ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૦હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ખાતે રહેતા મૃગેશ નટવરભાઈ પટેલ શુભ ઈલેકટ્રીકની દુકાન ધરાવે છે. ત્યારે કુડાસણ બેંક ઓફ બરોડા ખાતે કામઅર્થે ફરીયાદીના પિતરાઈ ભાઈ એકટીવા નં. જી.જે.૧૮.સી.ઈ-૧૮૦૫ લઈને ગયા હતા. બેંકનું કામ પૂર્ણ કરીને તેઓ તરત પરત પાછા આવ્યા હતા. તે અરસામાં કોઈ ચોર શખ્સ તેમનું એકટીવા ચોરી કરીને લઈ ગયો હતો. બનાવ અંગે મૃગેશ પટેલે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જયારે ત્રીજા બનાવમાં સેકટર-૨૧ ખાતે કેપીટલ મોબાઈલ શોપમાં નોકરી કરતો વિક્રમાદિત્ય જીતેન્દ્રભાઈ દરજી સેકટર૨૨ બ્લોક નં.૪૨-૪ ખાતે રહે છે. તેની પાસે પોતાનું સ્પ્લેન્ડર બાઈક નોકરી આવન જાવન માટે ઉપયોગ કરે છે. ત્યારે બાઈક નં.,જી.જે.૧૮.એ.જે.-૩૭૦૬ બાઈક બપોરે અઢી વાગે કેપીટલ મોબાઈલ શોપની સામે પોસ્ટ ઓફિસ પાસે પાર્ક કર્યુ હતું. જયારે રાત્રીના ૯ વાગે ઘરે જવા માટે નીકળ્યો ત્યારે બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.બાઈકની આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી હતી.પરંતુ મળી ન આવતા સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

જયારે ચોથા બનાવમાં સેકટર-૮ ગીતાંજલી પાર્ક પ્લોટ નં.૪૩૧-૨ એ ખાતે રહેતા રૂદ્રેશ દવે પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૦ ખાતે રવિ સ્ટેશનરી દુકાન ખાતે નોકરી કરે છે. રૂદ્રેશ દવેના માલિકના પત્નીના નામે એકટીવા નં. જી.જે.૦૧.એન. એફ.૪૬૬૭હતું. આ એકટીવાનો ઉપયોગ માલ સામાનની આપ લે માટે કરતા હતા. ગત તા.૨૧ ના રોજ સાવેર ૯.૩૦ વાગે એકટીવા લઈને દુકાન પાસે પાર્ક કરી સેકટર-૨૧ ખાતે બીજા દુકાન ખોલવા માટે ગયા હતા. જયારે ૧૧ વાગ્યાના અરસામાં ફરીવાર એકટીવા પાસે આવતા એકટીવા ન હતું. ગણતરીના સમયમાં જ એકટીવાની ચોરી થવા પામી હતી. જેથી બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- પવિત્ર યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવ તરીકે નિયુક્ત થયેલા સનદી અધિકારી (નિવૃત્ત) આર.આર. રાવલે આજે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ભાજપ મહિલા મોરચાની પ્રદેશ કારોબારીમાં આમંત્રિત સભ્યોની કેટેગરીમાં શહેર-જિલ્લાની સાત મહિલાઓને સ્થાન મળ્યુ છે. જેમાં શહેરની ૪ અને ગ્રામ્ય વિસ્તારની ૩ મહિલાઓનો સમાવેશ થાય છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ૪ નાયબ ચીટનીસ સંવર્ગના કર્મચારીઓને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી મળતાં પંચાયતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.
- રાજ્યના કૃષિ વિભાગે આજે ૮૯ જેટલા નવી ભરતી પામેલ ખેતી અધિકારીઓની નિમણુંકના હુકમો કર્યા છે. આ અધિકારીઓનો બે વર્ષનો અજમાયશી પિરિયડ રહેશે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહના માધ્યમથી તૈયાર કરાયેલ અનાજ ભરવાની કાપડની બેગનું આજે શહેર ભાજપ દ્વારા વાવોલ અને પેથાપુર ખાતે વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.
- સેલ ફોન હેક કરવાના મુદ્દે આજે કોંગ્રેસ દ્વારા રાજભવન નજીક વિરોધ પ્રદર્શન સવારે ૧૧ વાગે કરવામાં આવશે.
- દહેગામ ખાતે પ્રાંત અધિકારીની જગ્યા ઉભી કરી ત્યાં અજમાયશી ગેસ કેડરના અધિકારી કુ. શ્વેતા એચ. પંડ્યાની નિમણુંક કરવામાં આવી છે.
- રાજ્યના મુખ્યમંત્રીએ હોસ્પિટલોની ફાયર એન.ઓ.સી.ને લઈ આજે મનપાના અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

# સિવિલ કેમ્પસમાં ઓપીડી બિલ્ડીંગ પાછળ ઓકિસજન પ્લાન્ટની કામગીરી શરુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગની પાછળના ભાગે બીજા ઓકિસજન પ્લાન્ટની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ગણતરીના દિવસોમાં આ પ્લાન્ટ કાર્યરત થઈ જશે. આ પ્લાન્ટમાંથી દર મિનિટે અંદાજીત ૯૦૦ લિટર ઓકિસજન ઉત્પન્ન થશે.

મળતી વિગત મુજબ કોરોનાની બીજી લહેરમાં ઓકિસજનની અછત વર્તાઈ હતી. શહેરની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાતી હતી. સિવિલમાં ૪૦૦ થી વધુ દર્દીઓ ઓકિસજનની જરુરીયાતવાળા સારવાર હેઠળ હતા. ઓકિસજનવાળા બેડ મેળવવા નાગરીકોએ રઝળપાટ કરવી પડી હતી. તેવા સમયે ઓકિસજનના સિલિન્ડરના વેપારીઓની પણ ભારે બોલબાલા હતી. ઘરે ઓકિસજન સિલિન્ડર વડે દર્દીઓને સારવાર આપવામાં આવતી હતી. ત્યારે ગાંધીનગરના શહેરીજનોને ઓકિસજનની અછત ના વર્તાય તે માટે સિવિલ કેમ્પસમાં ઓકિસજન પ્લાન્ટ તૈયાર કરાયો છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે સિવિલના ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતું. ત્યારે કોરોનાની ત્રીજી લહેરની પૂર્વ તૈયારીના ભાગરુપે સિવિલ તંત્ર દ્વારા ઓપીડીની બાજુમાં નવા ઓકિસજન પ્લાન્ટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે ઓકિસજન પ્લાન્ટની કામગીરી આગામી દિવસોમાં પુરી થઈ જશે. ત્યારે ઓકિસજન પ્લાન્ટ તૈયાર થતા દર્દીઓની મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થશે.



સતત વધતી જતી મોંઘવારીનો માર ગૌરીવ્રત તથા જયા પાર્વતી વ્રત કરતી કુંવારિકાઓ પર પડી રહ્યો છે. વ્રત દરમિયાન ઉપવાસ કરતી દિકરીઓ માટે ફરજિયાત ફળો અને સૂકા મેવા ખરીદવા પડે છે. તહેવારોના કારણે ફળોના ભાવમાં વધારો થઈ જતા મધ્યમ વર્ગની દિકરીઓને ફરજિયાત ખર્ચો કરીને પણ વ્રત કરાવવું પડી રહ્યું છે. મધ્યમ વર્ગના માતા પિતાને ઘણી બધી મુશ્કેલી પડતી હોવા છતાં આવી મોંઘવારીમાં મોંઘા મોંઘા ફળ ફળાદિ ખરીદવાની જરૂરિયાત હોવાથી દિકરીઓને રાજી ખુશીથી વ્રત થાય તે માટે આવી મોંઘવારીમાં ટૂંકા પગારમાં પણ માતા પિતા પોતાની દિકરીઓ માટે મોંઘાદાટ ફળો અને સૂકા મેવા ખરીદે છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં એક્સપર્ટ સેશન યોજાયું

ગાંધીનગર, તા.૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ માટે એકસપર્ટ સેશનનું આયોજન કરાયું હતું. જેમાં એકસપર્ટ વિભાગના તજજ્ઞ ડૉ. નેધ પટેલ, સુભ્રા ગૌતમ, સ્વાસ્તિ રેનાએ કોમ્યુનિકેશન સ્કીલ, સોફ્ટ સ્કીલ ડેવલોપમેન્ટના ઉદ્દેશો, પ્લેસમેન્ટ, સફળતા મેળવવાની ચાવી સ્પોકન ઈંગ્લીશ મોડયુલ વગેરે વિશે જાણકારી આપી હતી. ડૉ. જિજ્ઞાબેન જોશી (એચઓડી) અને ડૉ. કુસુમબેન યાદવ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# સમર્પણ કોલેજના રજતોત્સવમાં વિશેષાંક ‘‘સમર્પણ ધારા’’નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે. ૨૮ ખાતે આવેલી સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં કૉલેજનાં સ્થાપક કાર્યક્રમનાં છેલ્લાં ૨૫ વર્ષમાં કૉલેજનાં આચાર્ય તરીકે સેવા આપનારા આચાર્યો અનુક્રમે ડૉ. જે. એસ. પ્રજાપતિ, ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટ, અને ડૉ. વિવિધ કારકિર્દીનાં ઉચ્ચ શિખરો પર પહોચેલા કૉલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું વિશેષ પ્રતિભા સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અતિથિ વિશેષ



અને ગુજરાત રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનાં જન્મ દિવસનાં ઉપલક્ષમાં તા. ૨૨મી જુલાઈ ૨૦૨૧ના રોજ રજોતોશ્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિવિશેષ ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ એસ.બી. વોરાનાં હાથે રજતોત્સવ વિશેષાંક ‘સમર્પણ ધારા’નું પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ. દિપકભાઈ પંડ્યાનું સન્માન ‘સમર્પણ સુકાની સેવા સન્માન’ રૂપે કરવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થાને સંશોધન ક્ષેત્રે સિધ્ધિ અપાવનારા અધ્યાપકોનું સંશોધન સેવા સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કૉલેજનાં સ્થાપનાદિનથી લઈને આજદિન સુધી સેવારત તમામ અધ્યાપકો અને વહિવટી કર્મચારીઓનું સાતત્ય સેવા બદલ સન્માન અને એજ રીતે ખેલ-કૂદથી લઈને વ્યાવહારિક જીવનમાં એસ.વી. વોરાએ જણાવ્યું હતુ કે અમદાવાદ-ગાંધીનગરને જોડકાં શહેરમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આજે સમર્પણ કૉલેજનું નામ સન્માનપૂર્વક લેવું પડે છે તેનું કારણ સમર્પિત સંચાલકો અને કર્મચારીઓ છે. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે શહેરમાં સમર્પણની બ્રાંડ ઈમેજ ઉભી કરવામાં આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજનું મોટું યોગદાન રહેલું છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## પેન્ટના પાર્સલમાંથી ૭૨ નંગ દારુ તેમજ ટ્રેટા પેક નંગ-૨૪૦ સહિત કુલ રૂ.૭૨.૯૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પાઈન્ટ પરથી લકઝરી બસમાંથી દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. વિવિધ પાર્સલમાં પેન્ટની સાથે વિદેશી દારુની ૭૨ નંગ બોટલ, અને ટ્રેટા પેક નંગ-૨૪૦ તેમજ પેન્ટ નંગ-૨૦૦ મળી કુલ રૂ. ૭૨,૯૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમદાવાદના વેપારીઓએ દારૂનો જથ્થો મંગાવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમયે હિંમતનગર થી ચિલોડા તરફ આવી રહેલી ખાનગી લકઝરી બસ નં.આર.જે.-૨૭.સી.પી.-૧૧૦૧ ને સાઈડમાં કરાવી ડ્રાઈવર મહેન્દ્રસિંહ મોજાવત (રહે. લાલ માદડી, તા.પાડેતા,જી.રાજસ્થાન) તેમજ કંડકટર જેઠારામ માનાજી ગાયરી (રહે.ગોગુનંદા તા.દાદીયા, જી.ઉદેપુર) ને સાથે રાખીને બસમાં મુસાફરોનો સામાન ચેક કર્યો હતો. ત્યારબાદ બસની ડેકીમાં ચેક કરતા પોલીસને ૪૪ પાર્સલ શંકાસ્પદ મળી આવ્યા હતા.

આ પાર્સલ ચેક કરતા કોટન પેન્ટના નીચેથી ૭૨ બોટલ દારૂ મળી આવ્યો હતો. જયારે ડેકીમાંથી અન્ય સફેદ પુંઠાની પાચ પેટી મળી આવી હતી. જેમાં પોલીસને ૨૪૦ ટ્રેટા પેક દારુના મળી આવ્યા હતા. જયારે વિવિધ પાર્સલમાંથી ૨૦ હજારના ૨૦૦ નંગ પેન્ટ મળી આવ્યા હતા. પોલીસે રૂ.૩૨,૭૬૦ ની કિંમતનો ૭૨ નંગ બોટલ, રૂ.૨૦,૧૬૦ના ૨૪૦ દારુના ટ્રેટા પેક અને ૨૦ હજારના ૨૦૦ નંગ પેન્ટ ગણી કુલ રૂ. ૭૨,૯૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ત્યારે આ દારૂ અમદાવાદ ખાતે બે પાર્સલ નાકોડા ગાર્મેન્ટ અને બે પાર્સલ શ્રી નાથજી એન્ટરપ્રાઈજમાં કરાવ્યા હતા.

# જાહેર નોટીસ તથા ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ શ્રી જે.ડી.રાજન તે અમારા અસીલશ્રી ઠક્કર જાનકીબેન તુષારકુમાર, રહે. ફલેટ નં. એફ-૨૦૪, સેકન્ડ ફલોર, ‘‘પ્રાર્થના ગ્રીન્સ’’, મું. ઉવારસદ, તા. જી. ગાંધીનગરનાની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ તથા ચેતવણી આપવાની કે,

ડીસ્ટ્રીકટ ગાંધીનગરસબ ડીસ્ટ્રીકટ ગાંધીનગર તાલુકાના મોજે ગામ ઉવારસદના સીમમાં આવેલ સર્વે/બ્લોક નં.૬૩૫ ની ૯૭૧૩ સમચોરસ મીટર જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં.૯ (વાસણ હડમતીયા-સરગાસણ-ઉવારસદ-તારાપુર-વાવોલ) માં સમાવેશ કરીને ફાઈનલ પ્લોટ નં.૮૫ ની ૬૩૧૩ સમચોરસમીટર જમીન ફાળવી આપવામાં આવેલ છે, તે બીનખેતીની જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે. તેવા મંજુર થયેલા પ્લાનવાળી જમીન ઉપર ‘‘પ્રાર્થના ગ્રીન્સ’’ના નામથી ફલેટોનું બાંધકામ કરવામાં આવેલ છે. તેમાં આવેલ બ્લોક નં. એફ ના બ્રોસર મુજબ સેકન્ડ ફલોર (પ્લાન મુજબ ફર્સ્ટ ફલોર) ઉપર ફલેટ નં. ૨૦૪ વાળી ૭૦.૫૬ સમચોરસમીટર ક્ષેત્રફળવાળી તથા સદર ફાઈનલ પ્લોટ નં.૮૫ની ૮૩૧૩ સમચોરસમીટર જમીન પૈકી બાંધકામના પ્રમાણમાં વણવહેચાયેલ ૪૧.૬૫ સમચોરસમીટરના જમીન હકક સહિતની મિલકત કે જેના હાલમાં અમારા અસીલશ્રી એક માત્ર કુલ સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર છે તથા સદર મિલકત અંગે અગાઉના માલીક તન્વીબેન ડી. કોટક નાઓએ તમામ સંલગ્ન અન્ય દસ્તાવેજી પુરાવાઓ અમારા અસીલશ્રીના કહેવા પ્રમાણે તેઓને આપવામાં આવેલ. જે પૈકી અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૪૪૧૪, તા.૨૭/૦૩/૨૦૧૪ ના રોજનો અને તેની રજીસ્ટ્રેશનની રસીદ તથા સંલગ્ન અન્ય દસ્તાવેજી પુરાવાઓ અમારા અસીલની શરતચુક અને ભુલના કારણે કયાંક ખોવાઈ ગયેલ છે. જેની ઘણી શોધખોળ કરવા છતાં આજ દિન સુધી અમારા અસીલને મળી આવેલ નથી. તો જાહેર જનતાને જણાવવાનું કે સદરહું મિલકત બાબતે કોઈપણ ઈસમ વ્યકિતને સદરહું ઉપરોકત મિલકતને સંલગ્ન ગુમ થઈ ગયેલ દસ્તાવેજી પુરાવા મળી આવેલ હોય તો જેની જાણ અમારા અસીલને દિન-૭ માં કરવા અમારા અસીલની નમ્ર વિનંતી છે. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો તથા ગુમ થઈ ગયેલ દસ્તાવેજી પુરાવા મળી આવેથી તેનો કોઈ ઈસમ વ્યકિત ધ્વારા દુરઉપયોગ કરવામાં આવશે તો અમારા અસીલશ્રી માગ્યા મુજબની મળેલ સલાહ અનુસાર તે કોઈપણ ઈસમ વ્યકિત વિરૂધ્ધ કોર્ટ રાહે કાર્યવાહી કરવાની ફરજ થઈ પડશે જેના ખર્ચ અને પરિણામની સઘળી જવાબદારી જે તે કોઈ પણ ઈસમ વ્યકિતની રહેશે. જે આ જાહેર નોટીસ તથા ચેતવણી આપી જાહેર કરીએ છીએ.

**તારીખઃ ૨૩/૦૭/ ૨૦૨૧.** **અમારી મારફતે**

**સ્થળઃ ગાંધીનગર.**

**અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશથી,**

**જે. ડી. રાજન, એડવોકેટ**
**૬૪૩, એકતા સોસાયટી,**
**સેકટર-૨૭, ગાંધીનગર.**
**મો. નં. ૯૯૦૪૦ ૯૬૯૩૮**

# કોરોનામાં અસહાય બનેલા બાળકો-પરિવારોને ‘સાયબેજ કોવિડ સંજીવની’ મદદરૂપ બનશે

સાયબેજ સોફ્ટવેર પ્રા. લિ. દ્વારા આજના કોરોના મહામારીના પડકારજનક સમયમાં સમાજને ટેકો આપવાની સામાજિક પ્રતિબદ્ધતા જાળવવા માટે ×સાયબેજ કોવિડ સંજીવની× પહેલ શરૂ કરી છે. આ પહેલ હેઠળ, એવા પરિવારોના જીવનને પુનર્સ્થાપિત કરવાના પ્રયત્નો કરવામાં આવશે કે જેમણે તેમના કુટુંબના મુખ્ય કમાતા સભ્યને કોવિડ-૧૯માં ગુમાવી દીધા છે. આવા જરૂરિયાતમંદ પરિવારોની આવશ્યકતાઓનું મૂલ્યાંકન અને વિશ્લેષણ કરીને સહાયતાનું માપદંડ નક્કી કરવામાં આવશે જેમાં મુખ્યત્વે ભોજન, આશ્રય, બાળકોનું શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ, પરામર્શ અને સમાન પ્રકારની અન્ય સહાય પૂરી પાડવામાં આવશે. ગાંધીનગરમાં પણ કોરોનાને કારણે અસહાય બનેલા પરિવારો આ કંપનીના સહાયતા અભિયાનનો લાભ મેળવી શકશે.

કોરોના મહામારીમાં છેલ્લા દોઢ વર્ષ દરમ્યાન અનેક પરિવારો એવા છે કે જેમાં પરિવારના આધારભૂત મુખ્ય વ્યક્તિ અથવા એકથી વધુ સભ્યો કોરોનાનો કોળિયો બની ચુક્યા હોય જેના કારણે પરિવારના બાળકો સહિત સભ્યો અસહાય બની લાચારીની સ્થિતિમાં આવી ચુક્યા હોય. અસંખ્ય બાળકોએ પોતાના માતા પિતા બન્ને અથવા બન્નેમાંથી મુખ્ય કમાનાર એક વ્યક્તિને ગુમાવવાને કારણે અનાથ જેવી સ્થિતિમાં આવવાને કારણે તેમના શિક્ષણ સહિતનું ભાવિ અંધકારમય જણાતું હોય. કોરોના મહામારીથી આવા અસહાય બનેલા જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાના આશયથી સાયબેજ સોફ્ટવેર કંપની દ્વારા દેશવ્યાપી એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં પણ કોરોનાને કારણે અસહાય બનેલા પરિવારો આ કંપનીના સહાયતા અભિયાન ×સાયબેજ કોવિડ સંજીવની×નો લાભ મેળવી શકશે તેવું ગાંધીનગર ખાતેના કંપનીના સીએસઆર એક્ઝિક્યુટિવ હિમાંશુ મકવાણાએ જણાવ્યું હતું. આ યોજનામાં લાભાર્થીઓને પસંદ કરવા અને સહાયતાના પ્રકાર અંગે નિર્ણય લેવા માટે કંપની પાસે સંપૂર્ણ અધિકાર રહેશે અને કંપનીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. ‘સાયબેજ કોવિડ સંજીવની’માં ઓનલાઈન ફોર્મ ભરવાનું છે જે માટે હિમાંશુ મકવાણાનો મો.નં. ૯૭૨૬૬ ૩૧૧૪૩ પર સંપર્ક સાધી શકાશે.

### ‘સાયબેજ કોવિડ સંજીવની’ માટે લાયકાતના ધોરણ

કુટુંબના પ્રાથમિક કમાતા સભ્યનું મૃત્યુ કોવિડ-૧૯ દ્વારા થયું હોય
મૃત્યુ થયેલ સભ્યની ઉંમર ૧૮ થી ૫૮ વર્ષની વચ્ચે હોવી જોઈએ
કુટુંબની વાર્ષિક આવક પાંચ લાખથી ઓછી હોવી જોઈએ
આવા કુટુંબ ગાંધીનગર, અમદાવાદ, પૂના, અથવા હૈદરાબાદના કાયમી રહેવાસી હોવા જોઈએ

# સેકટર-૨૯ વંદે માતરમની સાઈટ ઓફિસમાંથી બે લેપટોપની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ મસ્જીદ સામે આવેલા સરકારી મકાન વંદે માતરમ-૧ ની સાઈટ ઓફિસ કન્ટેનરમાંથી બે લેપટોપની ચોરી થવા પામી છે. ચોર શખ્સ કન્ટેનરની બારી તોડી અંદર હાથ તેમજ લોખંડનો સળીયો નાંખી બે લેપટોપ ઉઠાવી જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નવીનપ્રતાપ બ્રિજેશકુમાર પાલ (ઉં.૨૮) સરકારી મકાનમાં રહે છે. નવીન પ્રતાપ સ્વસ્તિક ઓર્કેટ પ્રા.લિ.માં કન્સ્ટ્રકશન સિવિલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. ફરીયાદી પાસે એસેર કંપનીનું ૨૦૨૦નું મોડલનું લેપટોપ છે તેમજ કંપનીમાં સંભાણી દિવ્યેશ નોકરી કરે છે તેનું ડેલ કંપનીનું ૨૦૧૮ મોડલનું છે. જયારે કંપનીની સાઈટ ઓફિસ વંદેમાતરમ-૧ ની સામે કન્ટેનર ઓફિસ કંપની એ બનાવી છે. ઓફિસનું કામકાજ તેમજ રહેતા હોવાથી સામાન પણ કન્ટેનરમાં પડ્યો હોય છે. ગતરોજ તા.૨૦ ના રોજ રાત્રીના અગીયાર વાગ્યાના સુમારે ઓફિસ બંધ કરીને સાઈટ પર કામ કરતા કર્મચારીઓ એક બ્લોકના મકાનમાં સુઈ ગયા હતા. જયારે સવારે ૮ વાગે ઉઠીને ઓફિસમાં જોયુ તો ઓફિસમાં મુકેલા બે લેપટોપ દેખાયા ન હતા. કન્ટેનરની બારીઓ તોડી નાંખી હતી. ઓફિસની આસપાસ તપાસ કરતા બારીની બહાર પાઈપ સાથે વળેલો સળીયો મળી આવ્યો હતો. જેથી ચોર શખ્સોએ બારીઓ તોડીને સળીયો અંદર નાંખીને ઓફિસમાં મુકેલા બે લેપટોપ લઈ નાસી ગયા હતા. બનાવ અંગે કંપનીમાં ફરજ બજાવતા કર્મચારીએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૫ હજારના બે લેપટોપ ચોરી અંગે ગુનો નોંધી ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પોતાના ખાતામાં ભૂલથી આવી ગયેલા નાણા મહિલાએ પરત કરી પ્રામાણિકતા દેખાડી

ગાંધીનગર તા.૨૨

આજકાલ બેંકમાં ઓનલાઈન ફ્રોડ અને નાંણાકીય ઉચાપતના કિસ્સા વધતા જાય છે બીજી તરફ ગાંધીનગરના ભારતીબેન પોપટ નામની મહિલાએ ઓરિસ્સાની એક મહિલાનાં આઠ હજાર રૂપિયા ભૂલથી પોતાના એકાઉન્ટમાં જમા થઈ જતા તેને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. ઓરિસ્સાની મહિલાએ તેમને રૂ.૨હજારના પ્રોત્સાહનની પણ ઓફર કરી હતી પરંતુ ભારતીબેને તે નકારી કાઢી હતી.

તાજેતરમાં ગાંધીનગરના ભારતીબેન પોપટ નામની મહિલાને ઓરિસ્સાથી સરસ્વતી સાહુ નામની એક ગ્રામીણ મહિલાનો ફોન આવ્યો હતો કે ×તમારા અને મારા યુકો બેંકના એકાઉન્ટમાં માત્ર એક જ આંકડાનો ફર્ક હોવાથી ભૂલથી મારા આઠ હજાર રુપિયા તમારા ખાતામાં જમા થઈ ગયા છે જે મારા

● અનુસંધાન પાના ૭ પર

**CHANGE in NAME**

I have changed my name From Daman pranav Thaker to Daaman Pranavbhai Thaker

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

મારું નામ સોલંકી અનિતા અમરસિંહ હતું જે લગ્ન પછી બદલીને સોસા અનિતા હરેશકુમાર રાખેલ છે.
સરનામું :
એફ-૪૦૨, સ્થાપત્ય એલીજન્સ, જીઈબી પાસે, નરોડા, અમદાવાદ

## ટૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૯ સને (૨૦૨૧-૨૨)

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં. ૧, ગાંધીનગર, સહયોગ સંકુલ, છઠ્ઠો માળ, વિંગ-એ, સેકટર-૧૧, પીન નં. ૩૮૨૦૧૧ ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૧૦૯ દ્વારા સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર હેઠળ ચાલતા મરામત તથા જાળવણીના કામો માટેના બાર (૧૨) માસિક ભાવો સારૂ ઓનલાઈન ટેન્ડર નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા માન્ય ગુજરાત રાજ્યમાં નોંધાયેલ તેમજ સદર બાબપતે લાયક ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૬/૭/૨૦૨૧ થી તા. ૬/૮/૨૦૨૧ ૧૮-૦૦ સુધી ડાઉનલોડ કરી શકાશે અને ડોક્યુમેન્ટ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સબમીશનની છેલ્લી તારીખ : ૧૩/૮/૨૦૨૧ ૧૮-૦૦ કલાક સુધી રહેશે. ઈ-ટેન્ડરની વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ http://nwrnprocure.com પર જોવા મળશે.

**માહિતી/૬૮૫/૨૧-૨૨**